અપીલ અરજી નં.૨૩૧ તા.૨૩–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૭–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧)સા.ઝોન (ઉધના)ના કાર્યક્ષેત્રમાં આવેલ ગાયત્રી સોસાયટી વિભાગ–૨ ના પ્લોટ નં.૬૪ પર જે બાંધકામ ઊભું કરવામાં આવ્યું છે તે બાંધકામની મંજુર પ્લાનની નકલ તથા વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો વિ.મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૭–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧) સા.ઝોન (ઉધના)ના કાર્યક્ષેત્રમાં આવેલ ગાયત્રી સોસાયટી વિભાગ–૨ ના પ્લોટ નં.૬૪ પર જે બાંધકામ ઊભું કરવામાં આવ્યું છે તે બાંધકામની મંજુર પ્લાનની નકલ તથા વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો વિ.મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૬ તા.૩૦–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૭–૭–૧૧ ની અરજીથી ગાયત્રી સોસા. વિ–૨ના પ્લોટ નં.૬૪ ના બાંધકામ બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. અરજીના મુદ્દા નં.(૧) સા.ઝોન (ઉધના)ના કાર્યક્ષેત્રમાં આવેલ ગાયત્રી સોસાયટી વિભાગ–૨ ના પ્લોટ નં.૬૪ પર જે બાંધકામ ઊભું કરવામાં આવ્યું છે તે બાંધકામની મંજુર પ્લાનની નકલ તથા વિકાસ પરવાનગી પત્રની નકલ આપશો. મુદ્દા નં.૨ આ બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો મંજુર પ્લાન મુજબનું ના હોય તો આ બાંધકામમાં કયો કયો ભાગ મંજુર પ્લાન વિરુધ્ધનો છે તથા મંજુર પ્લાન વિરુધ્ધના આ ભાગ સામે અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપવી. આમ અરજદારની મુદ્દા નં.૧ થી ૨ની માહિતી બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદાર તરફથી તા.૨૩–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. આમ અરજદારની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી બાબતે કોઈ પ્રતિભાવ કે માહિતી આપેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૭–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ બાબત હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,